દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૭ એપ્રિલ, ૨૦૨૬

યુદ્ધને કારણે અમેરિકામાં વધેલી મોંઘવારી ટ્રમ્પને ઘરઆંગણે અળખામણા બનાવશે

અમેરિકાએ ઇઝરાયેલ સાથે મળીને ઇરાન પર જે આક્રમણ કર્યું અને ઇરાને તેનો જે સખત વળતો જવાબ આપ્યો અને હોર્મુઝની સામુદ્રધૂનિનો જળમાર્ગ બંધ કરી દેવા સહિતના જે વ્યુહાત્મક પગલાઓ ભર્યા તેનાથી વિશ્વભરનો ક્રૂડ અને ગેસનો પુરવઠો ખોરવાઇ ગયો છે અને દુનિયાભરના દેશોના અર્થતંત્રને આની અસર થઇ રહી છે પરંતુ ખુદ અમેરિકાના અર્થતંત્રને પણ અસર થવા માંડી હોવાના અહેવાલ બહાર આવી રહ્યા છે. અમેરિકામાં પેટ્રોલના ભાવ વધવાની સાથે અન્ય વસ્તુઓના ભાવો પણ ઝડપથી વધવા માંડે તેવા એંધાણ વર્તાવા માંડ્યા છે. ઈરાન યુદ્ધને કારણે વિશ્વભરમાં ઈંધણના ભાવમાં થયેલા તોતિંગ વધારા વચ્ચે મંગળવારે અમેરિકામાં ગેસ(પેટ્રોલ)ના ભાવ 2022 પછી પ્રથમ વખત સરેરાશ 4 યુએસ ડોલર પ્રતિ ગેલનને પાર કરી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકામાં પેટ્રોલને ગેસોલીન કહેવામાં આવે છે અને બોલચાલની ભાષામાં ગેસ પણ કહેવામાં આવે છે. આ ગેસોલીનના વધતા ભાવ અમેરિકામાં અન્ય ચીજવસ્તુઓના ભાવને પણ અસર કરી શકે છે. અમેરિકામાં ડીઝલના ભાવ પણ વધી રહ્યા છે અને ફ્રેઇટ ટ્રકોમાં ડીઝલનો ઉપયોગ થાય છે તેથી પરિવહન મોંઘુ થતા ચીજવસ્તુઓ મોંઘી થઇ શકે છે.

મોટર ક્લબ AAA અનુસાર, રેગ્યુલર ગેસોલિનનો રાષ્ટ્રીય સરેરાશ ભાવ હવે 4.02 યુએસ ડોલર પ્રતિ ગેલન છે. જે યુદ્ધ શરૂ થયા પહેલાના ભાવ કરતા એક ડોલરથી પણ વધુ છે. છેલ્લે લગભગ ચાર વર્ષ પહેલાં રશિયાના યુક્રેન પરના આક્રમણ સમયે અમેરિકી વાહનચાલકોએ સામૂહિક રીતે આટલી મોટી કિંમત ચૂકવવી પડી હતી. આ એક રાષ્ટ્રીય સરેરાશ ભાવ છે, જેનો અર્થ છે કે કેટલાક રાજ્યોમાં ડ્રાઇવરો છેલ્લા ઘણા સમયથી 4 ડોલર કરતા પણ વધુ કિંમત ચૂકવી રહ્યા છે. 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન વિરુદ્ધ સંયુક્ત યુદ્ધ શરૂ કરવામાં આવ્યું ત્યારથી ક્રૂડ ઓઈલના ભાવમાં ઝડપથી ઉછાળો અને વધઘટ આવી છે. આનું કારણ એ છે કે સંઘર્ષને લીધે સપ્લાય ચેઈનમાં મોટું વિઘ્ન આવ્યું છે અને મધ્ય પૂર્વના મુખ્ય તેલ ઉત્પાદક દેશો દ્વારા ઉત્પાદનમાં કાપ મુકાયો છે. મોંઘો ગેસ અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે અને અન્ય ચીજોના ભાવ વધારી શકે છે. ગેસના વધતા ભાવની અસર ગ્રાહકો અને વ્યવસાયો પર પડી રહી છે, જ્યારે કે ઘણા પરિવારો પહેલેથી જ જીવનનિર્વાહના ખર્ચના વ્યાપક દબાણનો સામનો કરી રહ્યા છે. અને જેમ ડ્રાઇવરો ગેસોલીન જેવી પાયાની જરૂરિયાત માટે વધુ પૈસા ચૂકવે છે, તેમ ઘણા લોકોને અન્ય જગ્યાએ પોતાના બજેટમાં કાપ મૂકવાની ફરજ પડી શકે છે. મોંઘા ઇંધણને કારણે અન્ય ખર્ચ પણ વધી શકે છે, જેમાં વીજળીના બિલથી લઈને ગ્રાહકો દરરોજ ખરીદે છે તેવી ઘણી ચીજવસ્તુઓના ભાવનો સમાવેશ થાય છે.

નજીકના ભવિષ્ય માટે વિશ્લેષકો કરિયાણા તરફ ઈશારો કરે છે, જેને વારંવાર રિ-સ્ટોક કરવી પડે છે અને વ્યવસાયોના પરિવહન ખર્ચમાં વધારો થતાં તેના ભાવમાં પણ ઉછાળો આવી શકે છે. આ ઉપરાંત અન્ય માલસામાન અને પાર્સલ મોકલવા પર પણ તેની અસર પડી છે. ઉદાહરણ તરીકે, યુનાઈટેડ પોસ્ટલ સર્વિસ તેની પ્રાયોરિટી મેલ જેવી કેટલીક લોકપ્રિય પ્રોડક્ટ્સ પર અસ્થાયી રૂપે 8 ટકા વધારાનો ચાર્જ વસૂલવાની માંગ કરી રહી છે. AAA મુજબ, અમેરિકામાં ડીઝલના ભાવ – જે ફ્રેટ અને ડિલિવરી ટ્રકોમાં વપરાય છે – તે યુદ્ધ પહેલાના આશરે 3.76 ડોલરથી વધીને હવે સરેરાશ 5.45 યુએસ ડોલર પ્રતિ ગેલન પર પહોંચી ગયા છે. જો યુદ્ધ લાંબુ ખેંચાય તો શક્ય છે કે આ ભાવ હજુ પણ ઉપર જાય. ગેસોલીનના ભાવમાં ઘણા પરિબળો ફાળો આપે છે. રિફાઇનરીઓ અગાઉથી ક્રૂડ ઓઇલ ખરીદે છે, જેનો અર્થ છે કે કેટલાક હજુ થોડો સમય મોંઘા તેલ પર કામ કરી શકે છે, અને નવો સપ્લાય ગ્રાહકો સુધી પહોંચતા સમય લાગશે. અમેરિકા, જે તેલનો ચોખ્ખો નિકાસકાર દેશ છે, ત્યાં અન્ય દેશોની સરખામણીએ એટલો તીવ્ર આંચકો જોવા મળ્યો નથી પરંતુ તેનો અર્થ એ નથી કે અમેરિકા ભાવ વધારાથી સુરક્ષિત છે. ટેરિફને કારણે અમેરિકામાં વધેલા ભાવોને કારણે ટ્રમ્પ સામે કચવાટ હતો જ, અને હવે જો યુદ્ધને કારણે અમેરિકામાં મોંઘવારી ખૂબ વધશે તો ટ્રમ્પ ઘરઆંગણે વધુ અળખામણા બની શકે છે.

નાની નાની ભૂલો

એક એવું ઘર જ્યાં રાજ અને સોના પતિ પત્ની પોતાનાં બે બાળકો સાથે આનંદથી જીવન જીવે. આજુબાજુ પડોશીઓના ઘરેથી ક્યારેક ઝઘડાના અવાજ આવતા રહે ત્યારે રાજ અને સોના મીઠો ઝઘડો કરે કે આપણે તો આવા ઝઘડા થતા જ નથી. રાજ અને સોના વચ્ચે સુંદર સમજણ, ભારોભાર પ્રેમ અને અપાર વિશ્વાસ હતો. તેમની વચ્ચે ક્યારેય મોટેથી બોલાચાલી થતી જ નહિ. એક બાજુના ફ્લેટમાં પતિ પત્ની વચ્ચે બહુ મોટો ઝઘડો થયો અને રાજ અને સોનાએ વચ્ચે પડી શાંત કરાવવો પડ્યો. વાત બહુ મોટી ન હતી પણ નાની વાતમાં ઝઘડો મોટો થઈ ગયો. બીજે દિવસે બાજુમાં રહેતાં ભાભી અને સોના લીફ્ટમાં એક સાથે થઈ ગયાં ત્યારે સોનાએ પૂછ્યું, ‘‘હવે ઘરમાં શાંતિ છે ને?’’ ભાભીએ છણકો કર્યો. ‘‘હા અત્યારે તો છે પણ ફરી ક્યારે ઝઘડો થાય ખબર નહિ.’’ આટલું બોલી ભાભીએ સોનાને પૂછ્યું, ‘‘તમારે ત્યાંથી ક્યારેય ઝઘડાના અવાજ આવતા નથી શું તમારી વચ્ચે ઝઘડો થતો નથી?’’ સોના હસી અને બોલી, ‘‘ભાભી, અમે ઝઘડાથી બચીને ચાલીએ છીએ...ઝઘડો થાય તેવી પરિસ્થિતિમાં એકમેકને સાથ આપી ઝઘડાને હરાવી દઈએ છીએ.’’ ભાભીએ કહ્યું, ‘‘એટલે કંઈ સમજ પડે તેમ બોલ.’’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સોનાએ કહ્યું, ‘‘ભાભી, તમે મને કહો, તમારાથી શાકમાં મીઠું ભૂલી જાય તો શું થાય?’’ ભાભી બોલ્યાં, ‘‘પૂછ જ નહિ, મારું આવી જ બને. પતિ બડબડ કરી મૂકે અને જમ્યા વિના ઊઠી જાય.’’ સોનાએ કહ્યું, ‘‘અને જો ક્યારેક ભાઇ તમે જે મંગાવ્યું હોય તે લાવતાં ભૂલી જાય તો?’’ ભાભી બોલ્યાં, ‘‘તો એમનું આવી બને. હું પાછા લેવા મોકલું જ.’’ સોના બોલી, ‘‘જુઓ ભાભી, એકમેક સાથે આવા વર્તનથી ઝઘડો શરૂ થાય અને વાત વધી પડે.મારે ત્યાં જો હું શાકમાં મીઠું ભૂલી જાઉં તો રાજ શું કરે ખબર છે? મારાં સાસુ કે મમ્મીની સ્ટાઈલથી ‘‘આજે મીઠું ભૂલાયું છે. ચોક્કસ લાભ થશે’’ બોલતાં ઊઠે અને મીઠું લઈને શાકમાં નાખી લે અને અમે હસતાં હસતાં જમી લઈએ. ઝઘડો થાય જ નહિ.’’ ભાભીએ કહ્યું, ‘‘પણ એ કહે કે રાજ કૈંક કામ કરવાનું ભૂલી જાય કે તે મંગાવ્યું હોય તે લાવવાનું ભૂલી જાય ત્યારે તું શું કરે? ત્યારે તો ઝઘડો થતો જ હશે.’’ સોના હસી અને બોલી, ‘‘ભાભી, આમ તો રાજ બહુ કંઈ ભૂલતા જ નથી પણ જુઓ આજે જ મેઇનટેનન્સનો ચેક સેક્રેટરીને આપવાનું ભૂલી ગયા હતા. હમણાં તે જ હું આપીને આવી! બસ હું આમ જ કરું. રાજ કંઈ ભૂલી જાય તો હું તે કરી લઉં અને જો હું ન કરી શકું તો રાજને નાનકડો મેસેજ કરી યાદ કરાવી દઉં.’’ સોનાની વાત સાંભળી ભાભીને સમજાયું કે દરેક નાની નાની બાબતોમાં બહુ મોટી ભૂલ થઈ હોય તેવો ઝઘડો કરવો જરૂરી નથી. થોડો પ્રેમ અને વધુ ધીરજ રાખીએ તો ઝઘડાથી બચી શકાય છે.

સ્થાનિક ચૂંટણી સમયે પ્રજાએ લોકપ્રિય નેતાઓ અને લોક પ્રતિનિધિમાં ફેર સમજતાં શીખવું પડશે

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

દુનિયાભરમાં સત્તાનું મુખ્ય કામ પ્રજાના કલ્યાણને ધ્યાનમાં રાખીને કાયદા ઘડવાનું છે જ્યાં વર્તમાન અને ભવિષ્યનો વિચાર કરવાનો હોય છે

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી પહોચી છે. નગરપાલિકા ,મહાનગર પાલિકામાં મોટા રાજકીય પક્ષોએ ચૂંટણીમાં કોને ટીકીટ આપવી?- એની કવાયત શરૂ કરી દીધી છે અને નવી રાજનીતિમાં “ચૂંટણી જીતે”એવાને ટીકીટ આપવી એ પ્રથમ શરત હોય છે અને જીતે એવો એટલે કેવો? એ પ્રશ્નનો જવાબ મોટે ભાગે જ્ઞાતિ સમીકરણોને આધારે અપાય છે પછી આવે છે જાહેર જીવનમાં આગેવાની અને પક્ષના આગેવાનો સાથેની વફાદારી. અહીં ભૂલથીય એવું ના માનતા કે પક્ષ માટે વફાદારને ટીકીટ મળે છે કારણકે પક્ષને વફાદાર રહેવામાં જો પક્ષના નેતાઓને બે સાચી કડવી વાત કહો તો તમારું પત્તું કાપી જાય છે અને વિચારધારા માટે પક્ષ સાથે જોડાયેલાએ તો ચૂંટણી ટાણે ચૂપ જ રહેવાનું.

દુનિયામાં મોટામાં મોટી ગણાતી ભારતીય લોકશાહી પુખ્ત નથી ગણાતી. અત્યંત આદર્શ ગણાતી આ શાસન વ્યવસ્થાનો આપણે ખૂબ મર્યાદિત લાભ લઇ શકયા છીએ, કહો કે જાણકારોએ એનો ગેરલાભ જ લીધો છે. ભારતની સંસદીય લોકશાહીમાં સમવાય તંત્ર ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. આર્થિક અને રાજકીય સત્તા ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ. આપણે પ્રજા તરીકે ત્રણ પ્રકારના લોક પ્રતિનિધિ ચૂંટવાના આવે છે. કેન્દ્ર માટે સાંસદો .રાજ્ય માટે વિધાનસભાના સભ્યો અને તાલુકા પંચાયત માટે સ્થાનિક લોક પ્રતિનિધિઓ.

હવે લોકશાહીની આદર્શ વ્યવસ્થા મુજબ પ્રજા પોતાના પ્રતિનિધિ ચૂંટે આ પ્રતિનિધિઓ ભેગા થઈ પોતાના નેતા ચૂંટે અને પોતાનામાંથી મંત્રી મંડળની રચના કરે. દરેક પ્રતિનિધિ પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે એટલે લોકો પોતાના પ્રશ્નો પોતાના પ્રતિનિધિને કહે, પ્રતિનિધિઓ આ પ્રશ્નો એમના નેતાને કહે છે ,મંત્રી મંડળમાં રજૂઆત કરે છે અને બહુમત દ્વારા આ પ્રશ્નો અંગે નિર્ણય થાય છે. દુનિયાભરમાં સત્તાનું મુખ્ય કામ પ્રજાના કલ્યાણને ધ્યાનમાં રાખીને કાયદા ઘડવાનું છે જ્યાં વર્તમાન અને ભવિષ્યનો વિચાર કરવાનો હોય છે. કાયદા ઘડાયા પછી કાયદાના અમલ માટે તંત્ર ગોઠવવું એ સરકારનું કામ છે.

આપણી લોકશાહીમાં આપણા ભૌતિક પ્રશ્નો, સામાજિક પ્રશ્નો, આર્થિક પ્રશ્નો અને તેના ઉકેલો આપણે આ પ્રતિનિધિ સભા દ્વારા મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ અને માટે જરૂરી છે કે આપણે ચૂંટેલા પ્રતિનિધિઓ આ પ્રશ્નોને ઓળખે. સરકાર દ્વારા વિકસાવવામાં આવેલી જાહેર વ્યવસ્થાઓમાં પરિવર્તન કાયદાઓમાં પરિવર્તન રોજિંદી તકલીફોની રજૂઆતનું કામ આપણા લોકપ્રતિનિધિઓએ કરવાનું છે અને આપણો લોકશાહીનો ઈતિહાસ બતાવે છે કે આપણા લોકપ્રતિનિધિઓ મોટે ભાગે સરકારના પ્રવક્તા બનીને રહી જાય છે. પ્રજાના પ્રશ્નો તેઓ ઓળખતા જ નથી તો રજૂઆત ક્યાંથી કરવાના?

ભારતમાં પક્ષ આધારિત અને બહુમતના નિયમથી ચાલતી લોકશાહીમાં વર્ષોથી સત્તા માટે માત્ર માથાં ભેગાં કરવાની નીતિ અમલમાં મૂકી. જેમાં વ્યક્તિ વિચારધારાની કે પક્ષને વફાદાર હોય તે કરતાં પક્ષના નેતાને વફાદાર હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવી અને જીતે એવા નેતા ની શરતમાં જાહેર જીવનમાં લોક પ્રતિનિધિ કરતાં લોકપ્રિય ને નેતા બનાવવાની વાત આવી એટલે ગાયકો, અભિનેતાઓ, ધાર્મિક નેતાઓને ચૂંટણીની ટીકીટ અપાઈ. લોકશાહીની પુખ્તતાની આ જ તો નિશાની હતી કે આપણે સમજીએ કે સારો ક્રિકેટર સારો નેતા ના પણ બને, સારો ગાયક લોકોના પ્રશ્નોને સારી રીતે રજૂ ના પણ કરે, લોકપ્રિય અભિનેતા લોકોના પ્રશ્નો માટે લડત આપશે તે કહેવાય નહિ અને આપણે આ ના સમજ્યા અમિતાભ બચ્ચનથી માંડીને સચિન તેંદુલકર સુધીના આપણા અનુભવ બતાવે છે કે આ લોકપ્રિય લોકો ક્યારેય લોકોના પ્રશ્નોને ઉપર સુધી લઈ ગયા નહિ અને તે માત્ર માથાં ગણવાની રમતમાં ઉપયોગમાં લેવાયા

પ્રજા આ વાત સમજશે? કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મારે મારા પ્રશ્નોની રજૂઆત કરે એવા નેતાની જરૂર છે.મારે મારી તકલીફ વખતે મને સાથ આપે, ઝડપથી મળી રહે તેવા નેતાની જરૂર છે. અભિનેતા કે ધાર્મિક નેતા મનોરંજન માટે સારા, લોકશાહી માટે તો લડાયક નેતા જ જોઈએ. લોકપ્રિયતા એ લોક પ્રતિનિધિત્વનો વિકલ્પ કે પર્યાય બની નહિ શકે. હા, પોતાની જાતે જ જાહેર જીવનમાં આવતા લોકપ્રિય નેતાઓને આ વાત લાગુ પડતી નથી. આ વાત માત્ર એમને લાગુ પડે છે જેમને કોઈ રાજકીય પક્ષ દવારા હેલીકોપ્ટરથી ઉતારવામાં આવે છે. જોઈએ આ વખતે જમીન લેવલની ચૂંટણીમાં લોકશાહી કેટલી વધુ પુખ્ત બને છે?

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

રોઈ રોઈ કોને હંભળાવું..!

વાત રડવા-કૂટવાની કે રડતાનો વાંહો થાબડવાની નથી. પૃથ્વી ઉપરથી ડાયનોસોર ગાયબ થઇ ગયેલાં એમ, ‘છોકરી’ ઓ ગાયબ થઇ ચાલી એની છે. છોકરાઓના પ્રમાણમાં છોકરીઓનો જન્મ દર ઘટતો ચાલ્યો..! અસ્સલ રાજાઓ અનેક રાણી રાખી શકતા, એટલો સ્ટોક રહેતો. આજે તો, ‘મૂળમાં મૂળજી કુંવારો ને ડોહાને બે જોઈએ..!’ એવો ઘાટ આવ્યો..! એમ થાય કે, પાંડવો જેવી દશા આવવાની કે શું..? પાંચ પાંડવ અને એક દ્રૌપદી..! જો કન્યાદર તળિયે ગયો તો, રાષ્ટ્રપતિ મળશે, પણ પતિ નહિ..! લૌટકાઓની બાવા બનવાની નોબત આવી જશે. મહિલા અનામતનાં સુરસુરિયાં થતાં, બસમાં ‘મહિલા અનામત’ ની સીટ, પેટી-પટારાને પાર્સલથી પેક થવા માંડશે. જાગો ભઈઈઈલા..જાગો. બહુ પુત્રઘેલા પણ થવા જેવું નથી. છોકરીઓ છે તો, શમણાં છે. પછી તો શમણાનાં સ્વરૂપ પણ બદલાયને વરુ-હિપોપોટેમસ કે અન્ય વનેચરનાં સ્વપ્નાં આવે તો કહેવાય નહિ. જો કે, સાવ આવું તો નહિ થાય. આ તો એક વાત..!

છતાં હાંસિયામાં કાઢવા જેવી ચિંતા તો નથી જ..! માત્ર ઈરાન-ઈરાક-અફઘાનિસ્તાન-ઈઝરાઈલ દુબઈ-કુવૈત કે અમેરિકાના યુદ્ધથી જ મગજ સમૃદ્ધ રાખીએ તે નહિ ચાલે, છોકરીઓની પાંગરતી જતી અછત, નાની ઘટના નથી. જન્મવૃદ્ધિ વધારવાનાં પગલાં ભરવાં પડશે. દરેક દુકાળ કાન ખંજવાળતાં-ખંજવાળતાં સહન થાય, પણ કન્યાનો દુકાળ સહન નહિ થાય. સામાજિક વ્યવસ્થા છિન્નભિન્ન થઈ જાય. છોકરી જ ના હોય તો છોકરાઓ શું તંબુરા વગાડવાના..? અસ્સલ તો તાડ જેવી કન્યાઓ રહેતી. ધીરે ધીરે એમાં એવી મંદી આવી કે, હવે તો બેઠા ઘાટની જ પ્રગટ થાય. No matter. સ્ત્રી એટલે લક્ષ્મી..! લક્ષ્મીનો દર ઘટતાં રાંક થવાનું નહિ ફાવે. પુત્રો ગમે એ વાત બરાબર, પણ ‘પુત્ર-વધૂ’નો સ્ટોક જ ખાલી હોય તો ગાશે કોણ, કે ‘બહારોં ફૂલ બરસાવો, મેરા મહેબુબ આયા હૈ..! તંઈઈઈ..! કુંવારા મેળા તો ઠેર ઠેર થાય, પણ સફળતાનો ઓડકાર આવે એવાં પરિણામ મળતાં નથી. છોકરાને છોકરી ગમે તો બાપાને એની મા પસંદ નહિ પડે, છોકરીને છોકરો ગમે પણ સરકારી નોકરી નહિ હોવાથી અને ગામડે કૂટી ખાતો હોવાથી છણકો કરે..! કૈસે કૈસે લોગ હૈ યાર..? ચિંતા થાય યાર..?

આજે ઘણા મુરતિયા એવા હશે કે, જે ઉકરડે બેસીને લલકારતા હશે કે, ‘રોઈ રોઈ કોને હંભળાવું..!’ થાય એવું કે, કુંવારા કોડે ઝૂરે ને પરણેલા પસ્તાય ત્યાં ઉકરડાવાળાને કોણ આશ્વાસન આપવા જાય? આ problem ભલે યુનિવર્સલ ના હોય, બાકી ટેન્શન તો આવે બોસ..! કોઈની જાન જતી જોઈને, વાંઢેસ નો જાન નીકળી જતો હોય..! મરદ રહ્યો એટલે ધોધમાર રડાય પણ નહિ..! રડવા જાય તો, ખાનદાનીને ગ્રહણ લાધે, બાજી વધારે બગડે.! ને પોક મૂકીને હસવા જાય તો પેલી કહેવત આડી ફરી વળે કે, રડતી...ને હસતા પુરુષનો વિશ્વાસ નહિ થાય..! સાલું સમજાતું નથી કે, સ્ત્રીનો જન્મ દર ઓછો થવાનું કારણ શું..? ઉપલા લેવલે ગરબડ થઈ હશે? કે પછી ભ્રષ્ટાચારનાં મૂળિયાં બ્રહ્મા સુધી વિસ્તર્યાં હશે? આવું ને આવું ચાલ્યું તો, ધરતી માત્ર બાવાઓથી જ ઉભરાવાની. ઘર ઘર મહાત્માઓ ઊભા થશે.

ચમનિયાની ઓળખાણ હવે આપવાની રહેતી નથી. બાધા આખડીથી ઉપાર્જિત થયેલા એના દીકરાનું નામ આમ તો ચંપુ. પણ મહેનત બીજા કરે ને દીકરાનું નામ રોશન થાય એ માટે, ચમનિયાએ એનું હુલામણું નામ સુલભ શૌચાલય રાખેલું..! (સુલભ એનું મૂળ નામ અને શૌચાલય એની અટક..! આવો તાળો બેસાડેલો..!) જો કે, આમ ચમનિયાની ઈચ્છા ચંપુને બદલે ‘અમેરિકા’ રાખવાની હતી. એટલા માટે કે, વટથી કોઈને કહી શકે કે, “હું અમેરિકાનો બાપ છું..! પણ રાશિમેળ ખાધેલો નહિ. છેલ્લાં ૨૦ વર્ષથી પૈણવા કાઢેલો છતાં, છોકરીની અછત હોવાને કારણે બખ્તર વગર ઝઝૂમે છે. ઉંમર વધતાં વધતાં હાલ, અડધી કાંઠીએ પહોંચી ગઈ, છતાં લગન માટે છોકરી જડી નથી. હાડકે હજી પીઠી ચઢી નથી. એની સાથે ભણનારી આખી જમાત ‘બચ્ચરવાળ’ થઈ ગઈ. છતાં, બંજર જમીન જેવો છે. ‘Waiting list’ ની ટીકીટ Confirm’ થતી જ નથી. રતનજી જેવા પીઢ સલાહકારે તો એક વાર સલાહ પણ આપી કે, ‘દેશી નહિ મળે તો imported લાવ, પણ લગનનો મોહનથાળ ખવડાવ.” પણ Imported વાઈફ લાવીએ, તો ‘મેઈન્ટેનન્સ’ બહુ મોંઘુ પડે એ વાતથી ચતુર ચમનિયો ડરે..! બાકી, સુલ્ભો ઉર્ફે ચંપુ એટલે ભેજાબાજ..! ભણવામાં ખાંટુ એટલે PHD સુધી ભણેલો. (PHD એટલે, ‘પાયજામા હોલ્ડર ડીવાઈસ’’ નહિ યાર..!) પણ PHD થયા પછી મગજમાં ચરબી વધી. શરૂ શરૂમાં માંગાં તો ઘણાં આવ્યાં, પણ સુલ્ભો જમીન ઉપર પગ નહિ મૂકે. આસમાને ઊડવા લાગ્યો. માંગા Select કરવાને બદલે Reject કરવાના રવાડે ચઢી ગયો. માંગાં સ્વીકારવા બાપ સલાહ આપે તો,

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

અસ્સલ રાજાઓ અનેક રાણી રાખી શકતા, એટલો સ્ટોક રહેતો. આજે તો, ‘મૂળમાં મૂળજી કુંવારો ને ડોહાને બે જોઈએ..!’

ચમનિયાને પણ સંભળાવી દે કે, ‘ફાધર..! તમે તમારી વાઈફ શોધવામાં માર ખાઈ ગયેલા, એવી ઉતાવળ મારે કરવી નથી.’ એમાં અડધી અડધી સદીનો થયો છતાં, કોઈની માંગ ભરી શક્યો નથી..! કૈસે કૈસે પુતર રહેતે હૈ યાર..? એના કપાળમાં કાંદા ફોડું..! ઘણી વાર તો એવો પણ વિચાર આવે કે, આવા નખરેબાજને કારણે તો છોકરીના ઉત્પાદનમાં કાપ નહિ આવ્યો હોય..? કહેવાય નહિ..!

આવા લોકોનાં અરમાન એવાં આઈફલ ટાવર જેવાં હોય કે, ગરીબની સુંદર સુશીલ કન્યા પણ, તળેટીના સરનામાવાળી લાગે. પરસેવો પાડીને બાપાએ PHD કરાવી હોય, એ ભૂલી જાય ને ટ્રમ્પદાદા જેવી ખુમારી આવી જાય. પત્ની કેવી જોઈએ તો કહે...

PHD પાસ હોય, ઈંગ્લીશમાં
ખાસ હોય,
લચકતી ચાલ હોય બોયકોટ
બાલ હોય
ગુલાબી ગાલ ને, હોઠ લાલ
લાલ હોય,
કપડા કમાલના ને સસરો
માલદાર હોય

આવી ખુમારી કાઢે તો લક્ઝરી ક્યાં સુધી ઊભી રહે? છેલ્લે વાળમાં ચાંદી પડવા માંડે ત્યારે છકડા શોધવા માંડે..! અહાહાહા...શું ભારતવર્ષનો ઈતિહાસ હતો? રાજાઓને અનેક રાણી મળી રહેતી, છતાં રાજમાં કોઈ કુંવારું નહિ રહેતું. આજે તો એક વાઈફના પણ ફાંફા..! ‘મૂળમાં મૂળજી કુંવારો, ને ડોહાને બે જોઈએ..!’ જેવી હાલત થઈ મામૂ..! ખેતીમાં પાક ઓછો ઊતરે તો આયાત કરાય, સેન્સેક્ષ નીચો જાય તો એનો પણ ઈલાજ કરાય..! પણ છોકરીની અછત ઊભી થાય તો, પામર માનવી કરી પણ શું શકે..? યે સબ સશક્તિકરણકી કમાલ હૈ. એના ફૂંફાડાથી છોકરીઓ એવી Up-grade થઇ ગઈ કે, હવે એ ઓટલા પરિષદ કરતી નથી. સર્વાંગી રીતે Smart બની ગઈ. અમારા વખતે તો, બંધ બાજી રમાતી. પૈણીને આવ્યા પછી ખબર પડતી કે, લમણે લાલનો એક્કો આવ્યો છે કે, કાળીની ચરકટ..! આજે છોકરીઓની અછત એવી લાધી કે, ઝમેટોવાળાએ પણ પૈણવું હોય તો, waiting list માં રહેવું પડે..! છોકરીઓ એવી સમજદાર થઇ ગઈ કે, ‘Netflix’ જેવી જિંદગી જીવવાને બદલે, ‘દૂરદર્શન’ વેઠવા કેમ જવાય..? જે લોકો દીકરીને સાપનો ભારો માનતાં હતાં, એ હવે પુત્રવધૂ માટે વલખાં મારે છે બોલ્લો..! ચમનિયાએ તો શુલ્ભાનાં લગન માટે ચાલતા સારંગપુર જવાની બાધા રાખી છે. છતાં હજી મેળ પડ્યો નથી..!

લાસ્ટ બોલ

ચમનિયાને એક રાતે એવું
જોરદાર સ્વપ્નું આવ્યું કે,
પથારીમાંથી બેઠો થઇને રડવા
લાગ્યો.
વાઈફ કહે, ‘કેમ રડો છો? તો
કહે, સ્વપ્નમાં મારા લગન થતાં
હતાં..!
એ તો સારું કહેવાય, એમાં
રડવાનું શું..? જલસા કરો...!
શું ધૂળ જલસા કરે..? લગન તે
પણ તારી સાથે જ થતાં હતાં..!
તારા કપાળમાં કાંદા ફોડું..!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

દેશભક્તિના પાઠો ફરી યાદ કરવાનો સમય આવી ગયો છે

વિશ્વ આજે ફરી એકવાર વિશ્વયુદ્ધના ઉંબરે આવીને ઊભું છે. ઈરાન ઇઝરાઇલ અમેરિકા. રશિયા યુક્રેન પાકિસ્તાન અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલુ છે. એમાં અમેરિકા ઇઝરાઇલ ઈરાન યુદ્ધ પર બધાની નજર છે. સરકાર તેલ પેટ્રોલનો પુરો જથ્થો ઉપલબ્ધ છે. એ વારંવાર જાહેરાત કરે છે. સરકારના ગૃહમંત્રી હર્ષસંઘવી પણ પુરતો સ્ટોક હોવાની વાત કરી છે. આપણે ઉતાવળમાં આપણે બે લીટર લીટર પેટ્રોલની જરૂર હોય તો પાંચ લીટર ગાડીમાં પુરી બીજું પાંચ લીટર કેરબામાં કેનમાં લેવા શા માટે દોટ મુકીએ છે? આપણે આવી રીતે આપણે ના જોઈતું હોય અને આપણી પાસે ગાડીમાં પૂરું પેટ્રોલ હોવા છતાં બધા એક સાથે પેટ્રોલ ડીઝલ પુરાવવા લાઈનો લગાવીએ તો સ્વભાવિક છે કે સ્ટોક પુરો થઈ જાય અને જેમની ગાડીમાં જરા પણ પેટ્રોલ ના હોય એને પેટ્રોલ કઈ રીતે મળે? ભાઈઓ આ સમય ગભરાટમાં ઉતાવળમાં આવવાનો નથી. સંયમ ધીરજ અને સમજદારી દાખવવાનો છે. પ્રજા અને સરકાર બન્નેને એકબીજાને સાથ અને સહકાર આપવાનો છે. આપણે ખોટી દોડાદોડ કરીને ઉતાવળ કરીને આપણું જ કામ બગાડી રહ્યા છે. સરકાર અને પુરવઠાખાતુ હાલત પર બરાબર નજર રાખી રહ્યું છે . આદરણીય વડાપ્રધાન મોદી પણ સતત પોતાનાથી બને એટલા શ્રેષ્ઠ પ્રયત્નો કરી રહ્યા છે. આપણે થોડી શાંતિ ધીરજ રાખીએ તો કદાચ આ સમસ્યા જલ્દી હલ થઈ જાય. પેટ્રોલ ડીઝલનો બિનજરૂરી વપરાશ બંધ કરીએ ટ્રાફિક સિગ્નલ પર સિગ્નલ બંધ હોય તે વખતે એક દોઢ મિનિટ લાખો વાહનો પોતાની ગાડીઓ બંધ કરી દે તો પણ આપણે આખા ભારતમાં મળીને લાખો લીટર પેટ્રોલ ડીઝલની બચત કરી શકીએ છે. ગાડીઓ સેરિંગમાં વાપરતા શીખીએ. ગલી શેરીના નાકે પાન માવા ચાહ પાણી પીવા ચાલતા જઈએ તો પણ ઘણી બધી રાહત થઈ શકે છે. આ સમય પણ ચાલ્યો જશે આપણી એકતા સંગઠન ભાઈચારો આપણને ચોક્કસ જીતાડશે

સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

અસ્સી મુવી

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના રિપોર્ટ અનુસાર આપણા દેશમાં દરરોજ લગભગ એંસી (૮૦) જેટલા બળાત્કારના બનાવો નોંધાય છે. નહીં નોંધાતાં કેસોની સંખ્યા કેટલી હશે એ તો અનુમાન કરતાં પણ ધ્રૂજી જવાય એટલી હશે! સમાજમાં બનતી અનેક ઘટનાઓનું વિવરણ મુવીમાં થતું હોય છે. કેટલીક ફિલ્મો સમાજની સમસ્યાઓને દર્શાવે છે કે જે સમગ્ર સમાજને વિચારવા મજબૂર કરી દે છે. સમાજને સાચો મેસેજ આપતી મુવી સમાજમાં હકારાત્મક પરિવર્તન પણ લાવી શકે છે. ફિલ્મમાં સમાજનું પ્રતિબિંબ પણ પડતું હોય છે. તાજેતરમાં રિલીઝ થયેલી “ અસ્સી “ ફિલ્મનું નામ દરરોજ બળાત્કારના નોંધાતા કેસો પરથી રાખવામાં આવ્યું છે. શું સમાજનાં નૈતિક મૂલ્યોનું અધ:પતન થઈ રહ્યું છે? માટે આ પ્રકારના બનાવો બની રહ્યા છે? શારીરિક જબરજસ્તીના જઘન્ય ગુનાઓ વધતા જાય છે કે જે કોઈપણ સમાજ માટે ચિંતાપ્રેરક છે. આવી ઘટનાઓ આપણને આઘાત આપી જાય છે. આવા બનાવો નહીં બને તે માટે યુવા પેઢીને કે સમાજને સંવેદનશીલ બનાવવાની આવશ્યકતા છે.અસ્સી ફિલ્મ જોઈને રૂંવાડાં ઊભાં થઈ જાય છે. બળાત્કાર જેવા સંવેદનશીલ વિષય પર બનેલ ફિલ્મ અસ્સી લોકોને અસહજ કરી દે છે. આપણા દેશમાં સામુહિક બળાત્કાર કે ગેંગરેપ જેવી ઘટનાઓ પણ અવારનવાર બને છે એ ખૂબ જ દુઃખદ છે. દૈનિક અખબારમાં રોજેરોજ બળાત્કારના બનતા બનાવોની દુઃખદ નોંધ લેવાય છે અને લોકો એ વાંચીને ભૂલી પણ જાય છે. છ - સાત વર્ષની નાની બાળકી ઉપર પણ બળાત્કારની દુઃખદ ઘટનાઓ બની રહી છે જે આપણને હચમચાવી નાખે છે. આપણા દેશમાં મહિલાઓની સુરક્ષા માટે અનેક કાયદાઓ હોવા છતાં ગુનેગારોને ઝડપથી સજા મળતી નથી પરિણામે બળાત્કારીઓને કાયદાનો ડર ઓછો લાગવાને પરિણામે આવા બનાવો વધતા જ રહે છે. મહિલાઓના સશક્તિકરણ માટે હજી ઘણું બધું કરવાની આવશ્યકતા જણાય છે. કોઈ પણ દેશની પ્રગતિ ત્યારે જ સાચી ગણાય કે જ્યારે તે દેશમાં રહેતી મહિલાઓ સુરક્ષિત હોય! સમાજની માનસિકતા બદલાશે તો જ મહિલાઓ સુરક્ષિતતા અનુભવી શકશે. સમાજની કડવી વાસ્તવિકતાને રજૂ કરતી અસ્સી ફિલ્મ સમય કાઢીને પણ જોવા માટે ભલામણ છે.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

સુરત શહેરમાં AQI ની સમસ્યા

સુરત શહેરમાં દિન પ્રતિ દિન એક ક્યુ આઈ નો આંક ધીમે ધીમે ખૂબ ઊંચે જઈ રહ્યો છે વૈશ્વિક મહામારી ઈરાન ઇઝરાયેલ અમેરિકાના યુદ્ધ ના કારણે પણ ગ્લોબલ વોર્મિંગ નું પ્રમાણ ઊંચું જઈ રહ્યું છે સુરત શહેરમાં મેટ્રોના આયોજનના કારણે ઘણા વૃક્ષોનું નિકંદન નીકળી ગયું રોડ સાઈટ પ્લાન્ટેશન કર્યા બાદ પૂરતી કાળજી ન લેવાને કારણે સો ટકા રિઝલ્ટ મળતું નથી શહેરમાં બનતા નવા શોપિંગસેન્ટર,શોપિંગ મોલ, એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સ બનવાને કારણે ખુલી જગ્યામાં આવેલા મોટા ઘટાદાર વૃક્ષોનું બે રહેમી પૂર્વક નિકંદન કરવામાં આવે છે શોપિંગ મોલ કોમ્પ્લેક્સ રહેઠાણ વિસ્તાર ની સામે આવેલા વૃક્ષ નો કચરો પડવાને કારણે વૃક્ષો કાપવામાં આવે છે જેને કારણે હવામાં પ્રદૂષણ વધે છે અને હવા અશુદ્ધ બને છે એક ક્યુ આઈ નું પ્રમાણ વધતું જાય છે ગરમી ના કારણે સુરત શહેરનું તાપમાન 42 ડિગ્રી થી ઉપર જઈ રહ્યો છે અને વાતાવરણ ખૂબ જ અશુદ્ધિ થઈ રહેલ છે હાલમાં સુરત શહેરમાં મેટ્રો ટ્રેન નું કામ લગભગ પૂર્ણતાને આરે આવેલું છે મેટ્રો રેલના નીચે ડીવાઈડર બનાવવાનું કામ ચાલુ છે જો આ ડિવાઈડરની આજુબાજુ (પાલ પાલનપુર રોડ પર કરવામાં આવેલ વિનિયર ગાર્ડનના આયોજન મુજબ નું) વિનિયર ગાર્ડન નું પ્લાનિંગ કરવામાં આવે અને નાના મોટા વૃક્ષો ઉછેરવામાં આવે તો સુરત શહેરમાં ગરમીનું પ્રમાણ ઘટે, પ્રદુષણ ઘટે, સુરત શહેરના નાગરિકોને શુદ્ધ હવા અને સારામાં સારું વાતાવરણ મળે, શહેરની શોભામાં અભિવૃદ્ધિ થાય મા. કમિશનર શ્રી, માનનીય વહીવટદાર સાહેબ શ્રી ને આ બાબતેયોગ્ય પગલાં ભરવા વિનંતી

- મુકેશ લાલવાલા

છાપાના કાગળમાં ખમણ ? માંદગીના મંડાશે પગરણ

રસ્તા પરના લારી ગલ્લા પર વેચાતા નાસ્તાને છાપાની પસ્તીના કાગળમાં આપવામાં આવે છે. ખમણ, ભજીયા જેવા વ્યંજનો જ્યારે છાપાના કાગળમાં અપાય છે ત્યારે છાપાના કાગળની શાહી એમાં ભળતી હોય છે. અલબત્ત હવે કેટલાક નાસ્તા વિતરકો છાપાના કાગળમાં પ્લાસ્ટિક પેપર પાથરે છે. પણ ખમણ ભજીયા સાથે અપાતો ચટણી કે સંભારો આ પ્લાસ્ટિકની બહાર ઢળી છાપાના કાગળમાં પલળતો હોય છે અને એમાં છાપાની શાહી ભળી જતી હોય છે. આ શાહી ઝેરી હોય છે અને શરીર માટે હાનિકારક છે. આ ઉપરાંત કાગળના ઉત્પાદનમાં બ્લીચિંગ એજન્ટ્સનો ઉપયોગ થાય છે, તે પણ ઝેરી હોય છે. વળી છાપાની પસ્તીના કાગળ પર બેક્ટેરિયા અને જંતુઓ હોઈ શકે છે, જે ખોરાકમાં દાખલ થઈ શકે છે. આથી, ખમણ અથવા અન્ય ખોરાક છાપાના કાગળમાં ખાવા જોઈએ નહીં. આરોગ્ય માટે હાનિકારક ઝેરને અજાણતા આપણા શરીરમાં પ્રવેશ કરાવીને માંદગીના પગરણ મંડાવીએ છીએ.

સુરત - પ્રકાશ પરમાર